

સ્ટાર ટૉક

# જો જીતા વહી ધુરંધર

**2025ની શરૂઆતથી એક મીમ ખૂબ વાયરલ થયો.. 'ઇસ સાલ કમબેક હોગા' અને આમ કરતા કરતા ડિસેમ્બર આવી ગયો. પણ કમબેક ન થયું.. હવે આ કમબેક શબ્દને 2025ના સાથે જોડવામાં આવે તો જે કલાકાર સાથે બંધબેસે છે તે અક્ષય ખન્ના. શરૂઆત કરી છાવાથી અને ધુરંધર આવતા સુધીમાં તો છવાઈ ગયો. ઈન્ટરનેટ આખું અક્ષયના ઑરામાં આવી ગયું છે. લેજન્ડ અને લોર્ડની ઉપલબ્ધીઓ આપી આ Gen-Z હરખાઈ રહ્યા છે. ત્યારે આ ઈન્ટ્રોવર્ટ, અન્ડરરૅટેડ, આઉટસ્ટેન્ડિંગ એક્ટર અક્ષયને વધારે જાણીએ.....**

> "2008 થી 2012 દરમિયાન, "રેસ", "મેરે બાપ પહેલે આપ", "આક્રોશ" અને "ગલી ગલી ચોર હૈ" રિલીઝ થઈ હતી, પરંતુ બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરવામાં નિષ્ફળ ગઈ. અક્ષય શ્રીદેવી સાથે "મોમ" માં દેખાયો"

## અક્ષયનું આગમન....

એમ તો અક્ષય 28 માર્ચ 1975 મુંબઈમાં જન્મ થયો. તેનું બાળપણ થોડું મુશ્કેલ હતું. તે પાંચ વર્ષનો હતો ત્યારે પિતા વિનોદ ખન્ના બોલિવૂડ છોડી ઓશોના શિષ્ય બની ગયા હતા. તેઓ ત્યાં ચાર વર્ષ રહ્યા હતા. આ સમય દરમિયાન માતા ગીતાંજલિ તાલિયાર ખાને તેને અને તેના મોટા ભાઈ રાહુલને ઉછેર્યો.

હાલમાં અક્ષયની એક ક્લાસમેટની પોસ્ટ સોશ્યલ મીડિયા પર ચર્ચાનો વિષય બની. જે અક્ષયને વધારે નજીકથી સમજાવે છે. તે ઊટીના હિલ-સ્ટેશન લવડેલમાં આવેલી લૉરેન્સ સ્કૂલમાં ભણ્યો છે. એ પોસ્ટ મુજબ તો અક્ષય સ્કૂલનો ક્રશ હતો.'

અક્ષયને વર્ણવતાં લખ્યું હતું કે 'તે સામાન્ય રીતે ફેમસ સિનિયર વિદ્યાર્થીઓથી અલગ હતો. અક્ષય ફુટબૉલ ટીમનો ધમાલ મચાવતો કૅપ્ટન નહોતો પણ શાંત તોફાન હતો. તે ઓછું બોલતો અને ગંભીર સ્વભાવનો હતો, તેને જોઈને સ્કૂલમેટ્સના દિલમાં હલચલ થતી રહેતી. અક્ષય એક મિસ્ટરીમૅન હતો. તે ક્યારેય સ્કૂલની સોશ્યલ ઈવેન્ટ્સમાં ભાગ નહોતો લેતો કે મોટા ગ્રુપમાં પણ દેખાતો નહોતો. તે માત્ર લૉનમાં ચા પીતો કે સ્કૂલ-કૅમ્પસમાં એકલો ફરતો જોવા મળતો, પણ તે કૅમ્પસનો સૌથી પૉપ્યુલર સિનિયર હતો. અક્ષયના પિતા વિનોદ ખન્ના અને સાવકી માતા ઘણી વાર તેને મળવા આવતાં હતાં.'

## એન્ડ એક્શન...

અક્ષય ખન્નાએ 1997માં ફિલ્મ "હિમાલય પુત્ર"થી શરૂઆત કરી હતી. તે જ વર્ષે તે "બોર્ડર" માં દેખાયો. "બોર્ડર" માં તેના અભિનયને ઑડિયન્સ દ્વારા ખૂબ જ પસંદ કરવામાં આવ્યો. ત્યારબાદ તે "તાલ", "દિલ ચાહતા હૈ", "હંગામા" અને "હલચલ" જેવી કોમેડી ફિલ્મોમાં દેખાયો. અબ્બાસ મસ્તાનની "હમરાઝ" 2002માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં તેણે પહેલી વાર નેગેટિવ ભૂમિકા ભજવી હતી. "હમરાઝ" માં તેના શક્તિશાળી અભિનયથી તે લોકોમાં જાણીતો બન્યો. 2005 થી 2007 દરમિયાન ઘણી ફિલ્મો રિલીઝ થઈ, પરંતુ કોઈને પણ ખાસ લાઈમલાઈટ મળી ન હતી.

2008 થી 2012 દરમિયાન, "રેસ", "મેરે બાપ પહેલે આપ", "આક્રોશ" અને "ગલી ગલી ચોર હૈ" રિલીઝ થઈ હતી, પરંતુ બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરવામાં નિષ્ફળ ગઈ. અક્ષય શ્રીદેવી સાથે "મોમ" માં દેખાયો. આ ફિલ્મમાં પણ પહેલાની જેમ તેના અભિનયને ચાહકો અને ક્રિટીક્સ બંનેને ખૂબ જ પસંદ કરવામાં આવી. ત્યારબાદ, "સેક્શન 375" અને "દૃશ્યમ 2" માં અક્ષયના અભિનયને પણ ખૂબ જ પસંદ કરવામાં આવ્યો હતો.

## ઈસ્સ સાલ હોગા 'કમબેક'...

"છાવા" એ અક્ષયને એક્ટિંગનો બાદશાહ બનાવ્યો. 2025 અક્ષય માટે ખૂબ જ મહત્વનું વર્ષ હતું. તેની આ વર્ષની પહેલી ફિલ્મ "છાવા" રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં, વિકી કૌશલે છત્રપતિ શિવાજીની ભૂમિકા ભજવી હતી અને અક્ષયે ઔરંગઝેબની ભૂમિકા ભજવી હતી. અક્ષયે બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. હવે, તે આદિત્ય ધરની ફિલ્મ "ધુરંધર"માં દેખાયો છે. "ધુરંધર"ના એક વાયરલ સોંગના અભિનયથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા. અક્ષય ખન્ના માટે 2025નું વર્ષ જબરદસ્ત રહ્યું. તેને ઔરંગઝેબના રોલમાં ચમકાવતી 'છાવા'એ 800 કરોડથી વધુ કમાણી કરી છે અને હવે 'ધુરંધર' પણ સારો દેખાવ કરી રહી છે. મળતી માહિતી પ્રમાણે 'ધુરંધર' માટે અક્ષય ખન્નાને અઢી કરોડ રૂપિયા જેટલી ફી મળી છે.

## પણ આ વાયરલ ગીતનો મતલબ શું છે?...

અક્ષય એટલે કે રેહમાન ડકૈતનુ એન્ટ્રી ગીત, "FA9LA", પર ભારત અને પાકિસ્તાનનું સોશ્યલ મીડિયા ગાંડુ થયું છે. કેટલાયે ટ્રેન્ડ સ્ટાર્ટ થયા છે. પણ જે લોકો આ ગીતને કઈ રીતે ગાવું તે વિચારી રહ્યા છે. કોઈક "ફનલા" તરીકે વાંચી રહ્યા છે, જ્યારે અન્ય "ફા-9-લા" તરીકે વાંચી રહ્યા છે, જ્યારે તે ખરેખર "ફસલા" છે. FA9LA ગલ્ફનું લોકપ્રિય પાર્ટી સોંગ છે. બહેરીની કલાકાર ફ્લિપાર્ચી અને ડેફી એ લખેલું ગીત છે, પ્રશ્ન એ ઊભો થાય છે કે તેનો અર્થ શું છે. બહેરીની ભાષામાં, _ફાસ્લા_ એ માનસિક સ્થિતિનો ઉલ્લેખ કરે છે જ્યાં વ્યક્તિનું મન સામાન્ય દુનિયાથી _ડિસ્કનેક્ટ_ થઈ જાય છે. ત્યારે તેને બહેરીનમાં _ફાસ્લા_ કહેવામાં આવે છે. બહેરીનના યુવાનોએ "અલગતા" કે "અલગ દૃષ્ટિકોણ"ની વ્યાખ્યાને નવી ધૂન આપી છે. જો કોઈ વ્યક્તિ સામાન્ય વિચારસરણીથી "દૂરી" રાખે, જો તેનું મન વાસ્તવિકતાથી "અલગ" થઈ જાય, તો તે "ફાસલા" છે. ગીતના શબ્દોને રહેમાન ડકૈતના સંદર્ભમાં જોઈએ તો એ કહે છે દુનિયાના નિયમોની પરવા નથી, અને તે પોતાની દુનિયામાં ડૂબી ગયો છે." એક શબ્દ જે એક સમયે ખેડૂતોની આશા (ફસલ) હતો તે હવે બલૂચ ગૅન્ગસ્ટરનો જુસ્સો (ફાસલા) બની ગયો છે.


## અસલી રેહમાન ડકૈતને મળવું છે?...

જેના આતંકે એક સમયે લ્યારી વિસ્તારને હચમચાવી નાખ્યો હતો. એ રહેમાન ડાકુ કોણ હતો?

લ્યારી- પાકિસ્તાનનો સાંકડી શેરીઓ, ભીડ, બેરોજગારી, ગુના અને ગેંગ વોરનો લાંબો ઈતિહાસ ધરાવતું આ શહેર. જે 1700 ના દાયકાથી અસ્તિત્વમાં છે. આ અંડરવર્લ્ડની દુનિયામાં 1979માં મોહમ્મદ દાદલના ઘરે એક બાળકનો જન્મ થયો - સરદાર અબ્દુલ રહેમાન બલોચ, જે પાછળથી રહેમાન ડાકુ તરીકે કુખ્યાત થયો. એવું કહેવાય છે કે રહેમાને 13 વર્ષની ઉંમરે તેની પહેલી હત્યા કરી, 15 વર્ષની ઉંમરે એક ભયાનક કૌટુંબિક ઘટના - આ શરૂઆતની વાર્તાઓએ તેને એવા માર્ગ પર ધકેલી દીધો જ્યાં હિંસા તેની ઓળખ બની ગઈ. એવું પણ કહેવાય છે કે ડાકુ રહેમાન એટલો ક્રૂર હતો કે દુશ્મનોને મારી નાખ્યા પછી, તે અને તેની ગેંગના સભ્યો તેમના કપાયેલા માથા સાથે ફૂટબોલ રમતો. ઘણા એવો પણ દાવો કરે છે કે રહેમાને શંકાના બહાને માત્ર 15 વર્ષની ઉંમરે તેની પોતાની માતાની હત્યા કરી હતી.

## અને આઉટસાઈડર...

બોલિવૂડમાં સફળ થવા માટે આજે PR, પાપારાઝી, સોશિયલ મીડિયા, કોન્ટ્રોવર્સી અને કૉમેન્ટ્સ જરૂરી માનવામાં આવે છે. પરંતુ અક્ષય એ એવો કલાકાર છે, જેણે આ બધું ન સ્વીકારીને પણ પોતાને સાબિત કર્યો છે. અક્ષયનું અંગત જીવન હંમેશા ચર્ચાથી દૂર રહ્યું છે. હીરો બનવાના આવેલા અક્ષયને 19 વર્ષની ઉંમરે વાળ સંબંધીત બીમારી એલોપેસીયાનો સામનો કરવો પડ્યો હતો. તેના વાળ ઝડપથી ખરવા લાગ્યા હતા. એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, એક હીરો માટે આ બિલકુલ એવું જ છે. જેવી રીતે કોઈ પિયાનોવાદકની આંગળીઓ કપાઈ જાય. લગ્ન વિશે પૂછવામાં આવતાં તેણે એક સાફસાફ એવું કહ્યું હતું કે "હું લગ્ન માટે બન્યો નથી." 1990ના દાયકામાં કરિશ્મા કપૂર સાથે અને પછી તારા શર્મા સાથેના સંબંધોની ચર્ચા થઈ હતી. પરંતુ આ વાતો વધુ આગળ વધી ન હતી. થોડા સમય પહેલા તેણે કહ્યું હતું કે તેને નથી લાગતું કે હવે લગ્ન શક્ય છે. બોલિવૂડમાં રહીને પણ અક્ષય 'આઉટ સાઈડર'ની જેમ જીવે છે. •





# પાછલી ફિલ્મ કરતા અલગ છે 'અવતાર'

ટ્રેન્ડિંગ

2025 વર્ષ પૂરું થતા સુધીમાં જે બ્લોકબસ્ટર ફિલ્મની બોલિવૂડને શોધ હતી તે મળી ગઈ છે. આમ આખું વર્ષ જોવા જઇયે તો આવી આગ લગાવનાર કોઈ ફિલ્મ રિલીઝ થઈ ન હતી. જે ચર્ચા ધુરંધારે જગાવી છે.

'ધુરંધર' ડોમેસ્ટિક અને વિદેશી બંને બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. ફિલ્મે બોક્સ ઓફિસ કલેક્શનના મામલે વર્લ્ડવાઈડ 550 કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે. ફિલ્મે માત્ર 10 દિવસમાં જ દુનિયાભરમાં 552.70 કરોડનો બિઝનેસ કર્યો છે. દસ દિવસમાં ફિલ્મનું ભારતમાં ગ્રોસ કલેક્શનનો આંકડો 430.20 કરોડ થઈ ગયો છે, જ્યારે વિદેશોમાં તે 120.50 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે.

જેવી ચર્ચા અહીં ધુરંધરની છે તેવી હોલિવૂડમાં અવતાર-3ની છે. આ ધુરંધરના રથને 19 તારીખે રિલીઝ થનાર અવાતાર રોકી શકે છે. ફેમસ ડિરેક્ટર જેમ્સ કેમરૂનની ફિલ્મ 'અવતાર ફાયર એન્ડ એશ' હવે ઇન્ડિયન બોક્સ ઓફિસ પર ધૂમ મચાવવા માટે તૈયાર છે. તેને રિલીઝ કરવા માટે દેશભરના આઇમેક્સ થિયેટરોમાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ ફિલ્મ 19 ડિસેમ્બરે વર્લ્ડવાઇડ રિલીઝ થવા જઈ રહી છે. 2009માં રિલીઝ થયેલી 'અવતારે' બોક્સ ઓફિસ પર ઘણા રેકોર્ડ બનાવ્યા અને ખૂબ કમાણી કરી. તેનાં 13 વર્ષ પછી 2022માં સીક્વલ 'અવતાર ધ વે ઓફ વોટર' રિલીઝ થઈ. ફિલ્મે 2.3 બિલિયન ડોલરથી વધુની કમાણી કરી હતી. આ પછી 'અવતાર: ફાયર એન્ડ એશ' રિલીઝ થવા જઈ રહી છે. અવતારની ચોથી અને પાંચમી ફિલ્મો 2029 અને 2031માં રિલીઝ થવાની છે. 'અવતાર: ફાયર એન્ડ એશ'ની વાત કરીએ તો ઓડિયન્સને ફરી એકવાર જેક સુલી અને નેયતિરીની જોડી જોવા મળશે.

અવતારના મેકર કેમેરોને જણાવ્યું કે ઓડિયન્સ પેન્ડોરા અને ના'વીનો એક નવી બાજુ જોવાની અપેક્ષા રાખવી જોઈએ. હવે હું ના'વીને બીજા ઍંગલથી બતાવવા માંગુ છું કારણ કે, અત્યાર સુધી, મેં ફક્ત તેમના સારા પાસાં જ બતાવ્યા છે," શરૂઆતની ફિલ્મોમાં, માનવો નેગેટિવ અને ના'વી ખૂબ જ પોઝિટિવ લાગે છે. અવતાર 3 માં, આપણે તેનાથી ઊંધું કરશું."એટલું નક્કી કે ત્રીજી ફિલ્મ આગલી બેથી અલગ પડે છે. ●

# જો કોઈ તમારું દિલ તોડે તો શું કરશો?



શો-શા

***ઈશા તલવાર આ નામ કરતા આ ચહેરો વધારે યાદ હશે. ટીવીમાં ચમકેલી, મલયાલમ અને હિન્દી ફિલ્મો અને હવે વેબસિરીઝમાં દેખાતી આ બિન્દાસ, બોલ્ડ, બ્યુટીફૂલ એક્ટ્રેસ પોતાના દમ પર મોડલિંગથી શરૂઆત કરી અત્યારે OTT માં ચમકી રહી છે. મિર્ઝાપુર, આર્ટિકલ 15, બેંગ્લોર ડેઝ, સાસ બહુ ઓર ફ્લેમિંગો જેવી મજેદાર સિરીઝમાં દેખાયેલી ઈશા હાલ સિંગલ પાપામાં જોવા મળી છે... એ સિરીઝની ચર્ચા ફરી ક્યારેક આજે ઈશાને જાણીએ.. તે ઇન્ટ્રોવર્ટ છો કે એક્સ્ટ્રોવર્ટ? તે ડેન્જરસ છે કે મિસ્ટીરિયસ?***

- **બોલિવૂડ કે સાઉથ?**
  સારી સ્ક્રિપ્ટ – ભાષા પછી આવે.
- **એક ઓવરરેટેડ શબ્દ?**
  સ્ટારડમ.
- **અંડરરેટેડ વસ્તું?**
  લોકોને સાંભળવું
- **એક શબ્દમાં તમને ફિટ કરવા હોય તો?**
  Curious.
- **તમે ઇન્ટ્રોવર્ટ છો કે એક્સ્ટ્રોવર્ટ?**
  અમુક લોકો માટે જ એક્સ્ટ્રોવર્ટ.
- **રોમેન્ટિક કે રિયલિસ્ટિક લવ?**
  રિયલિસ્ટિક. બાકી રોમાન્સ તો ફિલ્મમાં જ હોય.
- **ફેમ વિશે સૌથી મોટી ગેરસમજ?**
  તે બધી પ્રોબ્લેમ સોલ્વ કરી દેશે.
- **નિષ્ફળતાથી શું શીખ્યા?**
  ક્યાંક અટકવું પણ પ્રોગરેસ છે.
- **ડ્રીમ કો-એક્ટર?**
  કોઈ પણ જે ઈગો વગર કામ કરે.
- **તમે ડેન્જરસ છો કે મિસ્ટીરિયસ?**
  મિસ્ટીરિયસ હોવું વધારે ડેન્જરસ છે.
- **બોલિવૂડનું સિક્રેટ તમે ઈચ્છો કે લોકો જાણે?**
  અહીં બધી વસ્તુઓનું રિહર્સલ કરવામાં આવે છે.
- **જો કોઈ તમારું દિલ તોડે તો તમે શું કરશો?**
  ચુપ રહું બહાર ખૂશ રહું.
- **પ્રેમ વિશે આજે શું વિચારો છો?**
  લોકોને ઇન્ટિમસી નહીં પણ ઇન્ટેન્સિટી જોઈએ છે.
- **તમે લીધેલું બેસ્ટ ડિસીઝન?**
  મેં માણસો કરતાં શાંતિ પસંદ કરી. •